**આંક. ૧ લગત હુકમ** ક્રિમીનલ ઈન્કવાયરી નં. ૪૩/૨૦૨૬

**૧.** સાંભળ્યા, ફરીયાદ ની વિગત, રજુ દસ્તાવેજી પુરાવા તથા સોગંદનામુ વંચાણે લીધુ. રજુ દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા.

**૨.** નામદાર સુપ્રિમ કોર્ટ દવારા ઈન્ડીયન બેંક એશોસીએશન વિરૂધ્ધ યુનિયન ઓફ ઈન્ડીયા રીટ પીટીશન (સીવીલ) નં ૧૮/૨૦૧૩ ના કેસમાં પ્રસ્થાપિત કરેલ માર્ગદર્શિકા ધ્યાનમાં લીધી અને સદરહુ કાનુની ચુકાદાના પેરા–૬ તથા ૨૧ વંચાણે લીધા. નામદાર સુપ્રિમ કોર્ટ દવારા પ્રસ્થાપિત કરેલ કાનુની માર્ગદર્શિકા પેરા–૨૧(૧) મુજબ ધી નેગો. ઈન્સ્ટુ. એકટની કલમ–૧૩૮ સાથે વાંચતાં કલમ–૧૪૨ મુજબના આક્ષેપિત ગુનાની ફરીયાદ દાખલ થાય ત્યારે ફરીયાદી દવારા સોગંદનામુ રજુ કરવાનું રહે છે અને ફરીયાદી દવારા રજુ સોગંદનામામાં તથા દસ્તાવેજને બારીકાઈથી નીરીક્ષણ કરી ન્યાયિક અદાલત આરોપી સામે આક્ષેપિત ગુનાનું કોગ્નીજન્સ લઈ શકશે. સદરહું કેસમાં રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ધ્યાનમાં લીધા તથા ફરીયાદનું સોગંદનામું વંચાણે લીધુ. તથા ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એમેડમેન્ટ ૨૦૧૫ ની કલમ ૧૪૨(૨) ની જોગવાઈ ધ્યાને લીધી.

**૩.** હું ધી નેગો.ઈન્સ્ટુ. એકટની કલમ–૧૩૮ ના આવશ્યક તત્વો વંચાણે લઈ ગયેલ છુ. સદરહું કેસમાં રજુ ચેક છ માસની અંદર બેંકમાં રજુ થયેલ છે અને સદરહું ચેકનો અસ્વીકાર થયેથી ફરીયાદ પક્ષે એક માસની અંદર આરોપીને નોટીસ આપવામાં આવેલ છે અને જે નોટીસની બજવણી આરોપીને કરવામાં આવેલ છે.છતાં મુકરર પંદર દિવસમાં ચેકનાં નાંણાં ચુકવી આપેલ ના હોવાનું જણાઈ આવે છે. અને ત્યાર બાદ એક માસની અંદર સદરહું ફરીયાદ અત્રેની કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે.

**૪.** આમ, ધી નેગો.ઈન્સ્ટુ. એકટની કલમ–૧૩૮ ના આવશ્યક તત્વો, રજુ દસ્તાવેજી પુરાવાથી પ્રથમ દર્શનીય રીતે પુરવાર થયેલ હોય, જેથી ક્રિ.પ્રો. કોડની કલમ ૨૦૪ લક્ષમાં લેતાં આરોપી સામે આ ગુના સંબંધિત ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા પુરતાં કારણ જણાતા હોય, જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ:–**

**૧.** સદરહું ફરીયાદ ક્રિમીનલ કેસ રજીસ્ટ્રરે લેવી. તેમજ ઈન્કવાયરી ફૈંસલ કરવામાં આવે છે.

**૨.** પ્રોસેસ ફી ભર્યેથી આરોપી સામે ક્રિ.પ્રો.કોડની કલમ ૨૦૪ મુજબ ધી નેગો. ઈન્સ્ટુ. એકટની કલમ ૧૩૮ ના આક્ષેપિત ગુના સબંધે સમન્સ કાઢવો.

**૩.** નામદાર સુપ્રિમકોર્ટ દવારા ઈન્ડીયન બેંક એશોસીએશન વિરૂધ્ધ યુનિયન ઓફ ઈન્ડીયા રીટ પીટીશન (સીવીલ) નં. ૧૮/૨૦૧૩ મુજબ આરોપીને સમન્સની બજવણી થયેથી જો આરોપી આક્ષેપિત ગુના સંબંધિત સમાધાન કરવા માંગતા હોય તો મુકરર તારીખે આરોપીએ અરજી આપવાની રહેશે એવી આથી સ્પષ્ટતા કરવામાં આવે છે.

**૪.** ક્રિમીનલ ઈન્કવાયરી આથી ફેસલ કરવામાં આવે છે.

**૫.** સદરહુ કેસની મુકરર તારીખ.૦૫/૦૬/૨૦૨૬ ના રોજ ઠરાવવામાં આવે છે.

તારીખ:– ૩૦/૦૪/૨૦૨૬

(એચ.એચ.વિશ્નોઈ)
જયુ.મેજી.ફ.ક,
હાલોલ, પંચમહાલ